## ધનસુરા તાલુકાના બુટાલ ગામમાં દારૂના અડ્ડા બંધ કરાવવા ગયેલ

# મહિલાઓ પર બુટલેગર દ્વારા જીવલેણ હુમલો

## મહિલા મુખ્યમંત્રીના રાજમાં મહિલાઓ કેટલી સુરક્ષીત ??

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨

ગાંધી ના ગુજરાત માં દારૂબંધી હોવા છતાં પણ ખુલ્લે આમ દારૂ નુ વેચાણ થઈ રહયુ છે.સમગ્ર ગુજરાત રાજય માં દારૂબંધી હોવા છતાં પણ ગુજરાત માં દારૂ નુ ધુમ વેચાણ થઈ રહયુ છે ત્યારે અરવલ્લી જીલ્લા ના એક ગામ માં દરારૂ બંધ કરાવવા ગયેલી મહિલાઓ પર બુટલેગરો ધ્વારા લાકડી વડે જીવલેણ હુમલો કરતાં મહિલા સુરક્ષા ની વાતો કરતાં મહિલા મુખ્યમંત્રી ના રાજ માં મહિલાઓ કેટલી સુરક્ષીત છે તે એક મોટોપ્રશ્ન છે????આ દારૂબંધી નાથવા માટે ગ્રામજનો પોલીસ સ્ટેશને રજુઆત કરવા આવ્યા હોય તેવો કીસ્સો પ્રકાશ માં પ્રકાશ માં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લા માં છેલ્લા કેટલાય સમય થી દારૂ ની બદી ફુલીફાલેલી છે અરવલ્લી જિલ્લા ના મોડાસા બાયડ માલપુર મેઘરજ ધનસુરા અને ભીલોડા તાલુકાના શહેરો અને ગામડાઓ માં બુટલેગરો ધ્વારા દેશી અને વિદેશી દારૂ પાણી કરતાં પણ સહેલાઈ થી મળી રહે છે જાણે કે બુટલેગરો પોલીસ ની બીક જ ના હોય તેવુ દેખાઈ રહયુ છે ત્યારે આ દારૂ ની બદી ને લઈ ને કેટલુય યુવાધન બરબાદી ના રવાડે ચડી રહયુ છે.

ગઈકાલે અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકા ના બુટાલ ગામ ખાતે છેલ્લા કેટલાય સમય થી પોલીસ ની રહેમનજર હેઠળ દેશી દેશી અને ઈંગ્લીશ દારૂ નુ ધુમ વેચાણ ચાલતુ હતુ ત્યારે આ ગામના દારૂડીયાઓ ધ્વારા જાહેર માં દારૂ પીધેલી હાલત માં કેટલીય વાર ગામની બહેન દીકરીઓ છેડતીનો ભોગ બની છે. ત્યારે ગઈકાલે સાંજે આ બદી થી કંટાળીને ગામની મહિલાઓ રણચંડી બની ને આ દારૂના અડ્ડાઓ બંધ કરાવવા બુટલેગર ના અડ્ડા પર ગઈ હતી ત્યારે આ માથાભારે બુટલેગર ધ્વારા મહિલાઓ પર લાકડી વઠે હુમલો કર્યો હતો અને મહિલાઓ ના કપડા પણ ફાળી નાખ્યા હતા અને ધમકી આપી હતી કે જયાં રજુઆત કરવી હોય ત્યાં કરો પોલીસ પણ મારો વાળ પણ વાંકો નહી કરી શકે ત્યારે ગુજરાત માં મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ મહિલા સુરક્ષા ની વાતો કરી રહયા છે ત્યારે આ કીસ્સા પર થી દેખાઈ રહયુ છે કે મહિલાઓ કેટલી સુરક્ષીત છે. જયારે શરમની વાત તો એ છે કે હમ્મારાજ માં હંમેશા આળોટતી પોલીસ ને શુ આ દારૂ ના અડ્ડા નહી દેખાતા હોય જયારે પોલીસ ને કરવાની કામગીરી કરવા માટે મહિલાઓ કરવી પડે છે તે ખરેખર શરમજનક બાબત છે ત્યારે આ બાબત ને લઈ ને ધનસુરા તાલુકા ના બુટાલ ગામના આશરે ૨૦૦ જેટલા પુરુષો અને મહિલાઓ પોલીસ સ્ટશેન જઈ ને બુટાલ ગામે ચાલતા દેશી અને ઈંગ્લીશ દારૂ ના અડ્ડા બંધ કરાવવા માટે પોલીસ સ્ટેશને ધરણા ધર્યા હતા અને આ અડ્ડા બંધ કરાવા હોબાળો મચાવ્યો હતો જયારે આ અંગે ધનસુરા પીએસઆઈ રવીભાઈ બારોટ નો સંપર્ક સાધતા તેમનો ટેલીફોનીક સંપર્ક થઈ શકયો ન હોતો.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસાના લીંભોઈમાં શનિદેવની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામમાં ૩ દિવસથી શરૂ થયેલી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવા સાથે રંગેચંગે પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. જેમાં વાળીનાથ મહાદેવ મંદિર પરિસરમાં શનિ શીંગણાપુરની આબેહુબ પ્રતિકૃતિ ધરાવતા શનિદેવ મહારાજ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેમાં શનૈશ્વર ગ્રુપ મુલંડ (મુંબઈ) અને લીંભોઈના પ્રજાજન અને ભકતગણ હજારોની સંખ્યામાં જોડાયા હતાં.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામમાં શનૈશ્વર ગ્રુપ મુલંડ (મુંબઈ)ના ભકતજનો અને લીંભોઈ ગામના ગ્રામજનોએ મહારાષ્ટ્રના પ્રસિધ્ધ મંદિર અને જગતના દુખ દૂર કરનારા એવા શની સિંગણાપુર સ્થિત શનિદેવ મહારાજની આબેહૂબ પ્રતિકૃતિ ધરાવતા શનિદેવ મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાવિ ભકતજનો હજારોની સંખ્યામાં ઉમટી પડયા હતા તેમજ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની સાથે લીંભોઈ ગામના સમસ્ત પંચાલ સમાજે વિશ્વકર્મા દાદાના મંદિરની પણ સાથે સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી જેમાં લીંભોઈ વાડીનાથ હનુમાન પંચદેવ એવમ શ્રી શનિદેવ સમીલીના ઈશ્વરભાઈ ત્રિવેદી, ડૉ. ગોપાલ પટેલ, દિલીપ જોષી, મહેશ તલાટી, બિપીન પટેલ, મુંબઈથી આચાર્ય શાસ્ત્રી કિર્તીભાઈ એન. દવે, શનેશ્વર મુલંડ ગ્રુપના વિજય બાબા, મુંબઈના વિજયભાઈ મહારાજ અને સમસ્ત ગ્રામજનોએ ભકિતભાવ માહોલમાં શનિદેવ અને વિશ્વકર્મા દાદાના દર્શન કરી મહાપ્રસાદ લઈ આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો. જેમાં ભકતજનોએ રંગેચંગે અને ભકિતભાવથી પૂર્ણાહૂતિમાં જોડાયા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસા ગ્રેઈન એન્ડ સીડ્સ એશોસીએશનના પ્રમુખપદે સર્વાનુમતે રાકેશ પટેલની વરણી

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તેમજ આજુબાજુના વિસ્તારમાં અનાજ તેલીબીયા સહિત અન્ય ખેતપેદાશોની લે-વેચના વ્યવસાય સાથે જોડાયેલા સંખ્યાબંધ વેપારી મિત્રોના હિતમાં મોડાસા ગ્રેઈન એન્ડ સીડ્સ એશોસીએશન કાર્યરત છે. છેલ્લા કેટલાય વર્ષોથી સતત સક્રિય એવા આ એશોસીએશનના હોદેદારોની મુદત પૂર્ણ થતાં આ બેઠકમાં એશોસીએશનના પ્રમુખપદે રાકેશ પટેલની વરણી દેવરાજ ધામમાં યોજાયેલ જનરલ સભામાં બિન હરિફ વરણી કરવામાં આવી હતી.

મોડાસાના પવિત્ર યાત્રાસ્થળ દેવરાજધામ ખાતે ગ્રેઈન એન્ડ સીડ્સ એશોસીએશન સામાન્ય સભા વર્તમાન પ્રમુખ મહેશભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. ફેડરેશનના આગામી ત્રણ વર્ષ માટેના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં મોડાસાના અગ્રણી વેપારી અને મોડાસા માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન રાકેશભાઈ મગનભાઈ પટેલ (પ્રમુખ જાયન્ટસ ગૃપ મોડાસા)ની પ્રમુખપદે બિન હરીફ વરણી કરતા ઉપસ્થિત વેપારી મિત્રોએ સર્વાનુમતે કરાયેલી વરણીને વધાવી લીધી હતી.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

વર્ષો પહેલા ઈડર તાલુકામાંથી છુટો પડીને વડાલી તાલુકો બનતા નવા સીમાંકનમાં ખેડબ્રહ્મા નજીકના ગોતા ગામનો વડાલીમાં સમાવેશ કરાયો હતો. તેને લઈ તે વખતે ગ્રામજનો દ્વારા અસંતોષ વ્યાપ્યો હતો. ત્યાર બાદ ગામના રહીશો દ્વારા વારંવાર ઉગ્ર રજુઆતો કરાતા ગોતા ગામનો તા. ૨૦મીના રોજથી ખેડબ્રહ્મામાં સમાવેશ કરાયો હતો. ગોતા ગામની ખેડબ્રહ્મા તાલુકામાં સમાવેશને લઈને ગામમાં હર્ષની લાગણી અનુભવાઈ હતી અને ગ્રામજનોએ ફટાકડા ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો.

## મેઘરજ ચોકડી પરથી ચોરીની બાઈક સાથે ત્રણની ધરપકડ

### અમદાવાદના નરોડા વિસ્તારમાંથી ચોરેલી બાઈકનો ભેદ ઉકેલાયો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસ ધ્વારા મેઘરજ ચોકડી પર થી વાહન ચેકીંગ દરમ્યાન બાઈક ની ચોરી કરી ને ફરાર થયેલા ૩ યુવાનો ને ઝડપી પાડયા હતા.

અરવલ્લી જીલ્લા ના મેરજ ચોકડી ખાતે અરવલ્લી જિલ્લા એલસીબી ધ્વારા રૂટીન વાહન ચેકીંગ કરવામાં આવી રહયુ હતુ આ સમયે અમદાવાદ ના નરોડા વિસ્તાર માં થી બાઈક ની ચોરી કરી ને આ ૩ એ યુવાનો આ ચોરી ની બાઈક લઈ ને મેઘરજ તરફ થી અમદાવાદ જઈ રહયા હતા તે સમયે અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસ ધ્વારા નંબર પ્લેટ વગર ની બાઈક લઈ ને જતાં આ ત્રણેય યુવકો ને ઉભા રાદી કડક પુછતાછ કરતાં તેમનો યોગ્ય જવાબ ન મળતા પોલીસ ધ્વારા સઘન પુછપરછ કરવામાં આવતા આ ત્રણેય વ્યકતીઓએ બાઈક ચોરી કરેલી હોવાનુ કબૂલ્યુ હતુ જેથી પોલીસે આ ત્રણેક બાઈક ચોરો ને ચોરેલી બાઈક સાથે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન માં લઈ જવાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ત્રણેય યુવાનો ધ્વારા પોતાના મોઝશોખ પુરા રવા માટે આ બાઈક ની ચોરી કરી હોવાનુ પ્રાથમીકતપાસ માં બહાર આવ્યુ છે જેથી આ યુવાનો ચોરી ના રવાડે ચઢી ગયા હતા આ ચોરી ની બાઈક સાથે મોડાસા પોલીસ ધ્વારા ૩ એ આરોપી ને નરોડા પોલીસ ને સુપ્રત કરવામાં આવ્યા હતા અને નરોડા પોલીસ ધ્વારા આ આરોપીઓ ના રીમાન્ડ માંગવામાં આવનાર છે અને હજુયે કેટલીય બાઈક ચોરી ના ગુના નો ભેદ ઉકેલાય તેવી સંભાવના રહેલ છે.

આજકાલ યુવાનો પોતાના હાઈફાઈ મોઝશોખ કરવા ચોરી ના રવાડે ચઢી જાય છે અને તેમના મા બાપ ને પણ આ ખબર નથી હોતી ત્યારે આ મા બાપ પોતાના બાળકો ને વધુ પડતા મોઝ શોખ કરે તો તેમની પાસે આ પૈસા કયાંથી આવે છે તે તપાસ કરવી જોઈએ નહીતો બાઈકો આવી ચોરી ના રવાડે ચડી જશે.

જયારે પોલીસ ધ્વારા પિન્કલ કુમાર પટેલ (રહે.કસાણા)(૨) ભુમેશભાઈ ગોસ્વામી (રહે.નરોડા ગામ )(૩) ગોવિંદભાઈ બિહોલા (હાલ રહે.નરોડા મુળ રહેવાસી ગેડ તા.મેઘરજ) ની ઘરપકડ કરી આગળની કાર્યાવાહી માટે નરોડા પોલીસ ને કેસ સોપ્યો હતો



## પ્રાંતિજની શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા સી.કે. પટેલના ધર્મપત્નિ સમુબેનનું અવસાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા અને એકસપરિમેન્ટલ હાઈસ્કૂલ, પીટીસી કોલેજ અને બીએડ કોલેજના સી.કે. પટેલના ધર્મપત્નિ તથા એકસપરિમેન્ટલ હાઈસ્કૂલના આચાર્ય શ્રીકાંતભાઈ પટેલ તથા શૈલેષભાઈ પટેલ, સંજયભાઈ પટેલના માતૃશ્રી સમુબેન પટેલનું તા. ૨જી ફેબ્રુઆરીએ દુઃખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તમામ શિક્ષકો, ડોકટર્સ, વકીલો, વેપારી અગ્રણીઓ, સંસ્થાઓના સંચાલકો, ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. સ્વર્ગસ્થનું બેસણું ૩જી ફેબ્રુઆરી મંગળવારે સવારે ૯ વાગે યોગેશ્વર સોસાયટીમાં શૈલેષભાઈના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

## વડાગામની સગીરાને ફોસલાવી લગ્નની લાલચ આપી ભગાડી

વડાગામ, તા. ૨

અવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા પડી ભાંગી હોય તેમ ગુન્હાઓનો ગ્રાફ સતત વધી રહ્યો છે. અરવલ્લી જિલ્લાનું નિર્માણ થયા પછી અપહરણ, ધાડ-લૂંટ, ખૂનના ગુનાઓને અંજામ આપી આરોપીઓ છૂમંતર થઈ જાય છે. પોલિસ ગુન્હાની તપાસ શરુ કરે તે પહેલા જ બીજા બધા ગુન્હાઓનો સીલસીલો જારી રહેતા અરવલ્લી જિલ્લા પોલિસ પણ આરોપીઓને ઝડપવા કમર કસી રહી છે. પરંતુ હજુ કેટલાય ગુન્હાઓ વણ ઉકેલ્યા રહેવા પામ્યા છે.

ધનસુરા તાલુકાના વડાગામની ૧૫ વર્ષીય કિશોરીને પાટણ જિલ્લાના એક ઈસમે લગ્નની લાલચ આપી ફોસલાવી દુષ્કૃત્ય કરવાના ઈરાદે ભગાડી જવાની ઘટના બનતા વડાગામમાં ચકચાર મચી ગઈ છે. જયારે સગીરાના પિતાએ પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલિસે આ ઈસમ વિરુધ્ધ ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પાટણ જિલ્લાના સમી તાલુકાના બાસપા ગામના દેવાભાઈ કરશનભાઈ જાટે ગઈ તા. ૨૬મી જાન્યુઆરીના રોજ વડાગામની એક ૧૫ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે દુષ્કર્મ કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી જતાં સગીરાના પિતાએ આ અંગેની ફરિયાદ ધનસુરા પોલિસ સ્ટેશને નોંધાવતા પોલિસે આ શખ્સ વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦